ક્રમાંકઃપરચ/૨૦૦૮/૨૭૨૪/ક૧,
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
૫, સરદાર ભવન, ૫ મો માળ,
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ 2 JUL 2008

પ્રતિ,
મેનેજીંગ ડીરેકટરશ્રી,
ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ,
વડોદરા.

વિષય :- આદિજાતિ વિસ્તાર પેટા યોજના હસ્તકની કુટિર જયોતિ યોજનાના ધોરણમાં સુધારો કરવા બાબત..

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેના અત્રેના તા. ૨૩/૮/૨૦૦૧ ના પત્ર ક્રઃ ટીએસપી/૧૦૦૧/૧૪૯૭/ક-૧ થી કુટિર જયોતિ યોજનાનું સઘન અમલીકરણ કરવા વિવિધ જોગવાઇ કરવામાં આવી છે.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના તા. ૪/૪/૦૮ ના પત્ર ક્રઃ આઇડીબી/૧૦૦૬/એસએફએસ/૨૧૧૦/ખ-૧ થી ગરીબીરેખા નીચે જીવતા લાભાર્થીઓ માટે જુદા જુદા વિભાગોની કલ્યાણકારી યોજનાઓ માટે ગ્રામ વિકાસ વિભાગની બી.પી.એલ.કુટુંબોની યાદીનો કોમન લીસ્ટ તરીકે ઉપયોગ કરવાનું સુચન થયેલ છે. તદ્ઉપરાંત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તે વિભાગ હેઠળની વિવિધ યોજનાઓ હેઠળ બાંધવામાં આવેલ પાકા આવાસોમાં રહેતા ગરીબ અને પછાતવર્ગના લોકોને રાજય સરકારની યોજના હેઠળ વીજળીકરણની સુવિધાથી આવરી લેવા જણાવેલ.

ઉકત બાબતે રાજય સરકારે વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવેલ છે.

તા. ૨૩/૮/૦૧ ના પત્રથી જણાવેલ જોગવાઇના અનુક્રમાંક (૧) ના બદલે કુટિર જયોતિ યોજના માટે.

કુટિર જયોતિ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારમાં રહેતા અનુસૂચિત જનજાતિના લોકો માટે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની www.rural dev.gujarat.gov.in વેબસાઇટ પર ઉપલબ્ધ બી.પી.એલ.યાદીમાં દર્શાવેલ

અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને અને તદ્ઉપરાંત જેમની વાર્ષિક આવક રૂા. ૧૧,૦૦૦/- કરતાં ઓછી હોય તેવા અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને પણ આ યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

તદ્ઉપરાંત ઉપર નિર્દિષ્ટ કરેલ લાભાર્થી સરકારશ્રીની વિવિધ યોજનાઓ હેઠળ બાંધવામાં આવેલ પાકા આવાસોમાં રહેતા હોય તો તેઓને પણ આ યોજના નીચે આવરી લેવાના રહેશે.

તા. ૨૩/૮/૨૦૦૧ ના પત્રથી દર્શાવવામાં આવેલ અન્ય તમામ શરતો યથાવત રહેશે.

આપનો વિશ્વાસુ

(એચ.એફ.ગાંધર્વ)
નાયબ સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ.

<u>નકલ રવાના:-</u>

(૧) નાયબ સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૨) નાયબ સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૩) નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૪) સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૫) આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી, બિરસામુંડા ભવન, ગાંધીનગર.
(૬) મુખ્ય ઇજનેરશ્રી (ગ્રા.વી.) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા.
(૭) સચિવાલયના સર્વે વિભાગો.
(૮) વિભાગની સર્વે શાખાઓ
(૯) સિલેકટ ફાઇલ.